# આઝાદીનું મૂલ્ય હાલના સમયમાં કેટલું આવશ્યક અને આવકાર્ય છે?

**ડૉ. હેતલબેન ગણેશભાઈ પરમાર**
આસિ. પ્રોફેસર, એન.આર.પટેલ બી.એડ. કોલેજ, કરમસદ
Mo. 9924054826Email:- sweetyhp2804@gmail.com

આમ જોવા જઈએ તો મૂલ્યનો સાદો અને સરળ અર્થ 'દામ' કે કિંમત એવો થાય છે. જેના વડે મૂલવાય તે મૂલ્ય છે. કોઈ પણ વસ્તુની કદરનો નિર્ણય એ મૂલ્યનો નિર્ણય છે. પીલકના મતાનુસાર "આપણે જેને માન આપીએ છીએ, ચાહીએ છીએ અથવા મહત્વપૂર્ણ સમજીએ છીએ તે મૂલ્ય છે."

"મૂલ્ય એટલે એવું કઈક કે જેને આપણે શુભ–સારું ગણીએ છીએ. જેમકે દયા–પ્રેમ–પ્રમાણિકતા, સહાનુભુતિ વગેરે" –જેલસ હેનરી

"મૂલ્ય એટલે એવી માન્યતા કે જેને વ્યક્તિ અગ્રતા આપે છે"–ઓલપોર્ટ

મૂલ્યો એ આદર્શો છે. તે ખ્યાલ કે વસ્તુ નથી તે દેખાતા નથી પણ અનુભવાય છે. ઉપર જણાવેલ વ્યાખ્યા અનુસાર આપણે આઝાદીનું મૂલ્ય હાલના સમયમાં કેટલું આવશ્યક અને આવકાર્ય છે તે વિષે હવે ચર્ચા કરીએ.

આજના ટેકનોલોજીના યુગમાં માણસ આધુનિક બની ગયો છે. આજના માણસોએ નીતિનિયમો અને મૂલ્યોને જાણે નેવે મૂકી દીધા છે, તો આઝાદીના મૂલ્યની તો વાત જ શું કરવી? આજે ૭૩ વર્ષ પછી સ્થિતિ એ છે કે સમાજ અને નવી પેઢી ધીરે ધીરે સ્વતંત્રતા સંગ્રામનો ઈતિહાસ ભૂલી રહી છે, અથવા તેને ભુલાવી દેવાઈ રહ્યો છે. આજની પેઢીને કોણ બતાવશે કે ૧૦,મે ૧૮૫૭ ના દિવસે મંગલ પાંડેએ સ્વતંત્રતા આંદોલનના શ્રી ગણેશ કર્યા હતા. ભગતસિંહ, ખુદીરામ બોઝ, શ્યામજી કૃષ્ણવર્મા અને મદનલાલ ધીંગરા જેવા અગણિત નવલોહિયા યુવાનોએ બોમ્બ અને પિસ્તોલથી, તો મહાત્મા ગાંધી, સરદાર વલ્લભભાઈ પટેલ, અને લોકમાન્ય તિલક જેવા ભારત ભક્તોએ અહિંસક માર્ગે ભારતને વિદેશી સામ્રાજ્યવાદની નાગચૂડમાંથી મુક્ત કરવા અભિયાન છેડ્યું હતું. સ્વતંત્રતા આંદોલનનો માર્ગ હિંસાનો તેમજ અહિંસાનો હતો પણ દરેક ભારતભક્તનું લક્ષ્ય એક જ હતું કે ભારત સ્વતંત્ર બને. આ મૂલ્ય અત્યારના નાગરિકો કદાચ ભૂલી ગયા છે,ઈન્ડિયન નેશનલ કોંગ્રેસનું ઐતિહાસિક અધિવેશન ૧૯૨૯–૩૦માં જવાહરલાલ નેહરુના પ્રમુખપદે ભરાયું હતું. ૩૧ ડીસેમ્બરની મધ્યરાત્રીએ એમને રાવી નદીનું જળ હાથમાં લઈને દેશવાસીઓને પૂર્ણ સ્વરાજની પ્રતિજ્ઞા લેવડાવી હતી. જેનુ જળ હાથમાં

લઈને પ્રતિજ્ઞા લીધી હતી એ જ રાવી નદી સ્વતંત્ર ભારતમાં ન રહી. તો આ છે આપણું આઝાદીનું મૂલ્ય.....?

આપણી આઝાદીને સાત દાયકા થયા. ૧૪ મી ઓગસ્ટ,૧૯૪૭ ની મધરાતે દેશ આઝાદ થયો એ નિમિતે પ્રથમ વડાપ્રધાન શ્રી સ્વ. જવાહરલાલ નેહરુએ તેમના પ્રવચનમાં કહ્યું હતું કે,"આઝાદીનો મતલબ માત્ર અંગ્રેજ શાસનમાંથી મુકત થવાનો નથી. આઝાદીનો અર્થ એ છે કે હિન્દુસ્તાનના દરેક વ્યક્તિ ને વિકાસની પૂરતી તક મળે, આજે આપણી બદનસીબીનો સમય સમાપ્ત થાય છે, આપણે સૌએ આઝાદીનું સ્વપ્ન જોયું"આ સપનું શું હતું.? આ સપનું હતું કે દેશના કરોડો લોકોની હાલત સુધરે, ગરીબી દુર થાય, બેકારી દુર થાય, લોકોને ખોરાક કપડા રહેવા માટે ઘર મળે. બાળકોને શિક્ષણ મળે. દરેક વ્યક્તિને વિકાસની એકસરખી તક મળે. આઝાદીના આટલા વર્ષો પછી સ્વાભાવિકપણે સવાલ થાય છે કે આપણું આ આઝાદીનું સપનું કેટલું સાકાર થયું છે?

આપના દેશના વાર્ષિક કેલેન્ડરોમાં દેશભક્તિ, આઝાદીની તારીખો ફિક્સ હોય છે. નકસલવાદ, આતંકવાદ, ભ્રષ્ટનેતાઓ, ઉદાસીન દેશવાસીઓ જેવા ચક્રવાતોની વચ્ચે પણ આપણે આજે લોકશાહીની મશાલ સળગતી રાખી છે, પરંતુ સવાલ એ છે કે શું ખરેખર આપણે દેશભક્તિ આઝાદીનો અર્થ જાણીએ છીએ? અમુક ચોક્કસ દિવસોએ જ ખીલી ઉઠતી આપણી SO Called દેશ ભક્તિ ખરેખર દેશભક્તિની વ્યાખ્યામાં મૂકી શકાય એવી હોઈ છે ખરી...? જો આ પ્રશ્નનો ઉત્તર જોઈએ તો મોટે ભાગે જવાબ ના જ આવશે. એક્ઝેટલી દેશભક્તિ અથવા આઝાદીનું મૂલ્ય આપણે શું સમજીએ છીએ.? તેના માટે કેટલાક પ્રશ્નો છે જેમ કે.....

રાષ્ટ્રીય તહેવારોના દિવસે ફરજીયાત ધ્વજવંદન માટે જવું પડે તે દેશભક્તિ ?મલ્ટીપ્લેક્સમાં ફિલ્મ શરૂ થતા પહેલા રાષ્ટ્રગીત વાગે ત્યારે હાથમાં સમોસા, પોપકોન, સોફ્ટડ્રીંક્સ પકડીને ઉભા રહેતા અને એ પછી ફિલ્મ શરૂ થતા જ તરત એ વસ્તુ ભૂલી જઈએ તે દેશભક્તિનું મૂલ્ય ?

ભારત – પાકિસ્તાનની ક્રિકેટ મેચમાં પાકિસ્તાનને હરાવી ભારત જીતે ત્યારે ભારતના ઝંડા હાથમાં લઈ બાઈકો દોડાવતા રસ્તા પર ચિચિયારીઓ પાડતા નીકળીએ તે દેશભક્તિ ?બાળકોની દેશભક્તિ ગીત સ્પર્ધામાં એમના દ્વારા ભોળા ભાવે (અને મોટે ભાગે અર્થ સમજ્યા વિના જ) ગવાતા એના એ જ ગીતો એ આઝાદીનું મૂલ્ય ?ઉપર જણાવેલ કેટલાક સવાલો માત્ર ઉદાહરણ જ છે. હજી પણ અનેક પ્રસંગો છે. જેને આપણે આઝાદીના મૂલ્ય કે દેશભક્તના મૂલ્ય તરીકે જોઈએ છીએ પણ ઉપર જણાવેલ બધી જ બાબતોમાં આઝાદીના મૂલ્યો સાચા કેટલા છે ? બધા જ..? કે પછી બધા જ ખોટા છે ...?

આપણે કદાચ આઝાદીને "શો ઓફ્ફ !" કરવાની વસ્તુ બનાવી દીધી છે. જાણે ટેમ્પરરી દેશભક્ત હોવું એ એક 'ફેશન સ્ટેટમેન્ટ' ન હોય ? એક જમાનામાં અંગ્રેજોને

ભગાવવાના કાર્યમાં સાથ આપવો એ આઝાદીનું મૂલ્ય હતું, પણ આજે આપણી જાતને સાચા ભારતીય પુરવાર કરવા માટે કોની સામે લડીશું ? શું આ જ રહ્યું છે આપણી આઝાદીનું મૂલ્ય ...?

**<u>આઝાદીના અવરોધક પરિબળો :–</u>**

૧૫મી ઓગષ્ટ આપણો તોતેરમો સ્વાતંત્ર્ય દિન. આ સ્વાતંત્ર્ય દિન વિશે વિચારતા મનમાં એવું પ્રગટે છે કે ૧૯૪૭ની૧૫મી ઓગષ્ટે આપણને આઝાદી તો મળી, પણ તે આઝાદી મેળવ્યાનાં ઉન્માદમાં આપણે તે દિવસથી શું શું ગુમાવ્યું તેની તો ચિંતા કરતાં જ નથી. આપણને તે હજુ આજેય સમજાતું નથી. આ આપણી કમનસીબી નહી તો બીજું શું સમજવું? આપણી આઝાદીના ‘દિન’ થી જ આપણે ‘દીન’ બની ગયા છીએ. આઘાત તો એ વાતનો છે કે આ કમનસીબીની કોઈ નોંધ સુધ્ધા લેતું નથી છતાં પણ આપણે કહીએ છીએ કે, “મેરા ભારત મહાન...???”

૧૫મી ઓગષ્ટ ના દિવસે દેશ આઝાદ તો થઇ ગયો પણ આઝાદી મળ્યાં પછી સાચા આઝાદ નાગરિક થવાની વાત સર્વના મનમાંથી સાવ વિસરાઈ ગઈ છે. આપણે જવાબદાર નાગરિક થવાનું ચૂકી ગયા. પરિણામે આઝાદી પછી જે આબાદી આવવી જોઈએ તે ન આવી. અહીં આબાદી માત્ર આર્થિક પરિપ્રેક્ષ્યમાં નથી જોવાની. આપણે આઝાદ નાગરિક તરીકે કોઈ સંદર્ભમાં આબાદ ન થયાં. રાષ્ટ્ર પ્રત્યેની વફાદારી, દેશ પ્રત્યેનું દાયિત્વ, સમાજ પ્રત્યેની વફાદારી, નિષ્ઠા, કચડાયેલા પછાત ગરીબ લોકો માટે સેવા કરવાની ભાવના વગેરે કોઈ ગુણ તો આપણા આમ જનસમૂહમાં ન રોપાયા. પરિણામે “સૌનું તે કોઈનું નહી” નું વિષવૃક્ષ પાંગર્યું. આખોય સમાજ આ કારણે પાંગળો, આપમતલબી અને બિનજવાબદાર બનતો ચાલ્યો. રાષ્ટ્ર એટલે શાસન કરતી સરકાર એવું ગણિત મંડાઈ ચૂક્યું છે.સમાજના દરેક લોકોએ પણ રાષ્ટ્રના વિકાસમાં જોડાવું જોઈએ તેની કોઈ સમજણ પ્રગટતી નથી. પરિણામે આજે આપણે સૌએ જે ન જોવું કે ન અનુભવવું જોઈએ તે જોઈ અનુભવી રહ્યા છીએ.

ભારત વિશ્વની મોટી લોકશાહી ધરાવતો દેશ છે. અનેક ઉતાર- ચડાવ જોયા પછી પણ આપણી લોકશાહી સુદ્રઢ રહી છે. હા, રાજકારણનું ક્ષેત્ર આપણે ત્યાં થોડું બદનામ રહ્યું છે. આપણા રાજકારણીઓની છાપ આપણા માનસમાં જેવી હોવી જોઈએ તેવી નથી. સારા અને ભણેલા લોકો હજુ પણ રાજકારણમાં આવતા પહેલા સો વખત વિચાર કરે છે. માથાભારે લોકો છટકબારીઓ શોધી રાજકારણમાં ઘૂસી આવે છે. પણ અંતે તો એ જ લોકો શાસન કરે છે. જેને આપણે મત આપીને ચૂંટીએ છીએ. આઝાદીના અવરોધક પરિબળો મારા મતે નીચે મુજબનાં છે.

**<u>વસ્તીવધારો</u>** : ભારતનું બંધારણ શ્રેષ્ઠ છે. દરેક દેશવાસીઓને આપણું બંધારણ પાયાના અધિકારો આપે છે. અલબત્ત, એવો આક્ષેપ પણ છે કે મોટાભાગના લોકોનો લાભ

મુઠ્ઠીભર લોકો જ લઈ જાય છે.  આઝાદી બાદ વિકાસના માર્ગમાં સૌથી વધુ અવરોધરૂપ કોઈ પરિબળ રહ્યું હોય તો એ છે વસ્તી વધારો. દેશમાં વસ્તી કુદકે ને ભૂસકે વધી રહી છે. તેના કારણે વિકાસ જોઈએ એ ઝડપે થતો નથી. ઘણાં પરિબળો વિરુધ્ધ દિશામાં જતાં હોવા છતાં ભારતે વિકાસ તો સાધ્યો જ છે. એ વાત નાની સૂની નથી તેમ છતાં ખામીઓ શોધીએ તો સેંકડો મળી આવશે. પણ ખૂબીઓ ઓછી છે.

<u>**આર્થિક અસમાનતા**</u> :આઝાદી તો આપણને મળી ગઈ છે પણ હજી એવું કંઈક છે જે બાકી છે. જેનાથી આપણને આઝાદી મળી નથી. શું દેશના દરેક લોકો પોતાની આઝાદીનાં ફળ ચાખી શક્યા છે? તેનો જવાબ જો હા હોય તો પણ એક વાત તો સાચી જ છે કે અમુક લોકોના ભાગે મીઠા ફળ આવ્યા છે પણ મોટો વર્ગ એવો છે કે જેના ભાગે ખાટા ફળ જ આવ્યા છે. આર્થિક અસમાનતા આપણા દેશમાં ઉડીને આંખે વળગે એવી છે. અમીરો વધુ અમીર બનતા જાય છે અને ગરીબો વધુ ગરીબ. અમીરો અને ગરીબો વચ્ચે વધતી અસામનતા સૌથી વધુ જોખમી બાબત છે. ઈતિહાસ ગવાહ છે કે આવી અસમાનતાના કારણે ક્રાંતિઓ થઈ છે. એક તરફ રોડ પર કારની વણઝાર વધતી જાય છે તો બીજી તરફ ફૂટપાથ પર ઊભા રહીને ભીખ માંગતા ભિખારીઓની સંખ્યા પણ ઘટતી નથી ભારતમાં મોટો મધ્યમવર્ગ છે જે બંને તરફથી ભીંસ અનુભવે છે છતા માથું ઊંચુ રાખીને જીવે છે.

<u>**બેરોજગારી**</u> : બેરોજગારી પણ આઝાદી અવરોધનું પરિબળ છે. લોકોને કામ કરવા છતાં કામ ન મળે એ દશા દયનીય છે એજ્યુકેટેડ બેરોજગારોની વધતી સંખ્યા ચિંતાનું સૌથી મોટું કારણ છે કામના અભાવના કારણે જ દેશમાં ગુનાખોરી અને અન્ય દૂષણોનો વધારો થાય છે. આવક એ વ્યક્તિ અને પરિવારનો મુખ્ય પ્રવાહ છે. જો આ પ્રવાહ અટકયો તો દેશનો વિકાસ અટકી જશે યોગ્ય રોજગારીના અભાવે જ દેશની ટેલેન્ટ વિદેશ તરફ સરકી જાય છે સ્થિતિ સુધરી છે તેની ના નહીં પણ હજુ આપણી હાલત બેસ્ટ તો નથી જ.

<u>**ભ્રષ્ટાચાર**</u> :દેશની આઝાદીના અવરોધક પરિબળોમાં બીજા છે ભ્રષ્ટાચાર, ગેરરીતિ અને કૌભાંડો. રૂપિયા વગર કોઈ કામ થતાં નથી એ છાપ સર્વસામાન્ય છે અને કઈ ખોટી પણ નથી. જન્મ મરણના દાખલા, રેશનકાર્ડ ડ્રાઈવિંગ લાઇસન્સ, આઈટીરિટર્નનાં નાણાં વગેરે પરત મેળવવા સુધીના કામમાં ભોગ ધરાવો પડે છે. ભ્રષ્ટાચાર એ રાષ્ટ્રીય દૂષણ છે. વહીવટમાં પારદર્શકતાની તો માત્ર વાતો જ થાય છે.નિયમો સરળ બનતા નથી ઉલટાના જટિલ બનતા જાય છે આપણી સરકારી વ્યવસ્થા જ એવી છે કે દલાલો અને એજન્ટો વગર કોઈ વહીવટમાં સામાન્ય વ્યક્તિની ચાંચ જ ન ડૂબે. આપણી સરકારી વ્યવસ્થા એટલી બધી અઘરી છે કે સામાન્ય માણસની મતિ મૂંઝાઈ જાય.

<u>**આતંકવાદ, કોમી રમખાણ**</u> : કોમી રમખાણો અને સામાજિક દુષણોથી દેશને આજે મુક્તિની જરૂર છે. દેશના કોઈ ને કોઈ પ્રદેશમાં કોઈ ને કોઈ કારણોસર કોમી રમખાણો થતાં રહે છે નક્સલવાદ અને માઓવાદનાં ત્રાસથી અનેક રાજ્યો પીડાય છે દેશ માટે

અત્યારે જો સૌથી મોટો ખતરો હોય તો તે આતંકવાદ છે સમયાંતરે નાના-મોટા બોમ્બ ધડાકા અને આતંકવાદી હુમલાઓ થતા રહે છે બોમ્બ ધડાકા થાય ત્યારે થોડા દિવસ બધું વેરવિખેર થઈ જાય છે પછી પાછું હતું એવું ને એવું જ થઈ જાય છે. કેમેરા લાગે છે પણ પછી કેમેરા ચાલે છે કે નહીં તેની દરકાર પણ લેવાતી નથી. ઈન્ટેલિજન્સ ડિપાર્ટમેન્ટ ખતરાને ચેતવણી આપે છે પછી રેડ એલર્ટ જાહેર કરે છે રસ્તાઓ પર ચેક પોસ્ટ લાગી જાય છે વાહનો ચેક થાય છે ને થોડા દિવસમાં જ બધું હટી જાય છે આપણે સલામતીની કોઈ કાયમી વ્યવસ્થા કેમ કરી શકતા નથી ?

"ઘોડા નાસી ગયા પછી તબેલાને તાળા મારવા" ની વૃત્તિમાંથી આપણને ક્યારે મુક્તિ મળશે...?

**<u>આઝાદી ટકાવી રાખવાના ઉપાયો</u> :**

આજની પેઢી અખંડિત ભારતની કથા જાણે છે એ જરૂરી છે ભારતને સ્વતંત્ર થયે ૭૩ વર્ષ થયા. આજે પણ આતંકવાદ, કોમવાદ જેવા ભયાનક પ્રશ્નો મોં ફાડીને ઊભા છે ત્યારે સમાજ જાગૃત થાય એ જરૂરી છે સમાજ નો દરેક વ્યક્તિ ભારતમાતાની આરાધના કરે તો ભારતને પડતી દરેક સમસ્યાનું નિદાન ચોક્કસ પણે થઈ શકે.

સરકાર અને કાયદાની વાતો બાજુ પર મૂકીએ તો પણ વિચારો કે લોકોની, આપણી જવાબદારીનું શું? સિવિક સેન્સની ઐસીતૈસી આપણે ક્યા સુધી ફરતા રહીશું? આઝાદીના અવરોધક પરિબળો આપણે આગળ જોયા હવે તે માટેના ઉપાયો વિચારીએ...

=> ચોકમાં આપણી સિસ્ટમમાં રેડલાઇટ હોય પણ જો સિગ્નલ પાસે ટ્રાફિક પોલીસ જ ન હોય તો આપણે બ્રેક મારવાની તસ્દી લેતા નથી. દંડા વગર કાયદાના પાલનની ખેવના આપણામાં કેમ જાગતી નથી?

=> લાંચ રૂશ્વત વિરુદ્ધ બળાપા ઠાલવીએ છીએ પણ કામ કઢાવવા માટે આપણે જ પાંચસો-હજારની પત્તી સરકાવતા અચકાતા નથી. ગમે તે થાય કામ થવું જોઈએ સામ-દામ-દંડ-ભેદની નીતિ અપનાવો પણ આપણું કામ થવું જોઈએ આપણને આપણો વિચાર સૌથી પહેલા આવે છે અને દેશનો વિચાર સૌથી છેલ્લો. આ બધું બંધ કરી શકાય.

=> માત્ર રાષ્ટ્રગીત ગાઈ લેવાથી દેશપ્રેમ સિદ્ધ થઇ જતો નથી. દરેક વ્યક્તિ જ્યાં સુધી દેશના વિકાસ માટે સંપૂર્ણ સક્રિય ન થાય ત્યાં સુધી દેશ તરક્કી કરી શકતો નથી. અમેરિકન પ્રેસિડન્ટ જહોન કેનેડીએ તેમના દેશવાસીઓને કહેલી વાત આપણને એટલી જ લાગુ પડે છે કે "દેશે તમારા માટે શું કર્યું એ નહીં પણ તમે દેશ માટે શું કર્યું એ વિચારો" દેશના નાગરિકની ઉદાસીનતા દેશનો વિકાસ અટકાવે છે આપણે કાયદા દ્વારા શોર્ટકટ્ર્સ અપનાવતી વખતે આપણા દેશનો વિચાર કરીએ છીએ ખરા?

=> દેશનો દરેક વ્યક્તિ એકસરખી લગનથી જોડાય તો દેશનો વિકાસ કોઈ અટકાવી ન શકે. ભારત ઉપર આખી દુનિયાની નજર છે આખી દુનિયામાં ભારત એવો દેશ છે જ્યાં યુવાનોની સંખ્યા સૌથી વધુ છે યુવાધન આવતીકાલના ભારતની આશા છે આપણા યુવાનો મહેનતુ છે કંઈક કરી બતાવવાની ભાવના અને થનગનાટ તેમનામાં છે તમને સિસ્ટમ સાથે પ્રોબ્લેમ છે? તો સિસ્ટમને ગાળો ન દો સિસ્ટમમાં આવો અને સુધારો. આપણા દેશનું ભાવિ ઉજ્જ્વળ છે તેમાં કોઈ બે મત નથી તમારે આપણા દેશને સર્વશ્રેષ્ઠ બનાવવો છે? તો શરત માત્ર એટલી જ છે કે માત્ર "Proud to be an Indian" બોલીને નહીં પણ સાર્થક અને સાબિત કરીને બતાવો.

=> ભ્રષ્ટાચારને સાથ ન આપીએ અને શક્ય હોય ત્યાં સુધી પ્રામાણિક રહીએ. શરૂઆત પોતાનાથી કરીએ તો ઘણું (અને અપ્રમાણિક ભ્રષ્ટાચારી લોકોને એટલીસ્ટ અહોભાવથી તો ન જ જોઈએ)

=> અન્ય ધર્મ કે પ્રાંતના, બીજી ભાષા બોલતા લોકો સાથે હળીમળીને રહીએ. એ લોકો આપણાં કરતાં જુદા છે એનો અર્થ એ નથી કે એ આપણા દુશ્મન છે !

=> પરિવારજનોના જન્મદિવસે કે વારે–તહેવારે વૃક્ષારોપણ કરીએ અને એ છોડ મોટો ન થાય ત્યાં સુધી એની સંભાળ રાખીએ.

=> સમય અને ઈચ્છાશક્તિ હોય તો ગરીબ બાળકોને ભણાવીએ

=> માત્ર આપણા ઘરમાં જ નહીં આસપાસ બધે જ સ્વચ્છતા જાળવીએ

=> વિરોધ કરવાની વાત ગમે તેટલી ગંભીર કેમ ન હોય પણ જાહેર મિલકતને નુકશાન ન કરીએ કેમ કે એ આપણા પરસેવાની કમાણી છે

=> કાયદા આપણી સુરક્ષા માટે છે માટે એને માન આપીએ. તેનું પાલન કરીએ અને તેમાંથી છટકવાની બારીઓ ન શોધીએ તો ઘણું.

=> ઉપરનું કશું જ ન કરી શકીએ તો કંઈ નહીં પણ આ બાબતને માત્ર પુસ્તકિયા કે ખોખલી ગણીને આ દેશના બંધારણનું અને એના માટે જેણે લોહી રેડ્યું છે એવા હજારો લોકોનું અપમાન ન કરશો

=> સવારના પોરમાં ટ્રાફિક સિગ્નલ પર પાંચ પાંચ રૂપિયાના પ્લાસ્ટિકનાં તિરંગા વેચતા દસ વર્ષના ભૂલકાંને જોઈને કદાચ ભારતમાતા પણ રડી પડતી હશે કે આ બાળક તિરંગો નહી પણ એનું બાળપણ વિચે છે એ કેમ કોઈને દેખાતું નથી ને ડંખતું પણ નથી?

સારૂ છે કે આપણને આઝાદી રેડીમેડ મળી ગઈ છે અને એના માટે અત્યારે આપણે માથે કફન બાંધીને શહાદતને વહોરવાની જરૂર નથી માટે સમયની નજાકતને સમજીએ. આ દેશને વધુ સારો બનાવવામાં યોગદાન આપીએ એ જ સાચી દેશસેવા ગણાશે. તો ચાલો શરૂઆત આપણાથી જ કરીએ...!!! 'જય હિન્દ'